# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. રાજ્યમાં ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારની ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.
2. રાજ્ય સરકારે વિવિધ પ્રકારની સ્ટેમ્પ ડ્યૂટીમાં ઘટાડો કર્યો
3. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં 70 હજાર કરોડ રૂપિયાથી વધુની લોન અપાઈ
4. અમદાવાદમાં યોજાયેલી કોંગ્રેસની કેન્દ્રીય કાર્યકારિણી સમિતિની બેઠકમાં પક્ષના પુનર્ગઠન સહિતના મુદ્દે ચર્ચા થઈ
5. મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતેથી ‘પોષણ પખવાડિયા ૨૦૨૫'નો રાજ્યવાપી શુભારંભ કરાવ્યો

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RUSHIKESH NON AGRICULTURE

રાજ્યમાં નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનોના બિન ખેતી માટે હવે કોઈ પણ પ્રકારનું પ્રીમિયમ ભરવાનું રહેશે નહીં.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારની ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.

અન્ય એક મહત્વના નિર્ણય પ્રમાણે, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરતી વખતે ખેડૂત ખરાઈની ચકાસણીમાં તથા મૂળથી જૂની શરત/ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે બિનખેતીમાં ફેરવવાની અરજદારની અરજી આવે ત્યારે ખેડૂત ખરાઈના હેતુસર અરજીની તારીખથી ૨૫ વર્ષ પહેલાના રેકર્ડને ધ્યાને લેવાનું રહેશે નહીં.

. . . . . . . . . . . . .

# RUSHIKESH STAMP DUTY

રાજ્ય સરકારે વિવિધ પ્રકારની સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. નવા સુધારા આગામી 10 એપ્રિલથી અમલી બનશે.

રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે માહિતી આપતા જણાવ્યું કે સ્ટેમ્પ ડ્યુટી કાયદાના અમલમાં સરળતા લાવવા આ નિર્ણય કરાયો છે, જે મુજબ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા

કરાતા હક્ક કમીનો દસ્તાવેજ હવે 200 રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરીને કરી શકાશે. આ સાથે એક કરોડ રૂપિયા સુધીની લોનની રકમ ઉપર મહત્તમ 5 હજાર રૂપિયાની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે. આ ઉપરાંત વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ 5 હજાર રૂપિયાની ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

(બાઇટ- ઋષિકેશ પટેલ)

શ્રી પટેલે જણાવ્યું એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડાપટ્ટાના દસ્તાવેજ પર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના એક ટકાની જગ્યાએ હવે રહેણાંક માટે ફિક્સ 500 રૂપિયા અને વાણિજ્ય માટે એક હજાર રૂપિયાની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઇ કરાઇ છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓથી ઉદ્યોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થશે.

. . . . . . . . . . . . .

# CM NARMADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં શ્રદ્ધાળુઓ માટે કરાયેલી સુવિધાઓને કાયમી ધોરણે પ્રસ્થાપિત કરવાની નેમ વ્યક્ત કરી છે. શ્રી પટેલે આજે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી. તેમણે પરિક્રમાર્થીઓ-શ્રદ્ધાળુઓ સાથે સંવાદ અને નર્મદા પરિક્રમા વૉક કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું નર્મદાનું  પાણી આજે કચ્છ સુધી પહોંચ્યુ છે.

દરમિયાન શ્રી પટેલ વલસાડના ધરમપુરના બરૂમાળમાં સદગુરુધામ મંદિરના રજતોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બરૂમાળ સદગુરુધામને હજારો લોકો માટે શ્રદ્ધા અને પ્રેરણાનું સ્ત્રોત ગણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# PM MUDRA

પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના આજે 10 વર્ષ પૂર્ણ થયા છે. આ યોજનાનું રાજ્યમાં પણ વ્યાપકપણે અમલીકરણ કરાયું છે. પીએમ મુદ્રા યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં 70 હજાર કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: હિના મોદી)

*(પીએમ મુદ્રા યોજના અંતર્ગત રાજ્યમાં વર્ષ 2020-21માં 11 હજાર કરોડ રૂપિયા સામે વર્ષ 2023-24માં 19 હજાર કરોડ રૂપિયાથી વધુની લોન મંજૂર કરાઇ છે. રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં લોન ફાળવણીની રકમમાં 74 ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યમાં આ યોજના અંતર્ગત વર્ષ 2020-21માં એક કરોડ 42 લાખ ખાતા ખોલવામાં આવ્યા હતા જે સંખ્યા વધીને વર્ષ 2023-24 સુધીમાં એક કરોડ 95 લાખ ખાતા સુધી પહોંચી છે. નવેમ્બર 2024 સુધીમાં 80 લાખથી વધુ ખાતા ખોલાયા છે. રાજ્યમાં મોટી સંખ્યામાં નાના વેપારીઓ અને સ્ટાર્ટઅપ્સે આ યોજનાનો લાભ લઇને આત્મનિર્ભર બન્યા છે.*

*મયુર સોલંકી સાથે હિના મોદી પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)*

. . . . . . . . . . . . .

# CONGRESS- CWC

કોંગ્રેસની સર્વોચ્ચ નિર્ણય લેતી વિસ્તૃત કેન્દ્રીય કાર્યકારિણી સમિતિની બેઠક અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને AICCના મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે આજની બેઠકમાં પક્ષને લગતી અનેક ચર્ચાઓ થઈ હતી. તેમણે કહ્યું કે પાર્ટીના સભ્યોએ સરદાર વલ્લભભાઈ પટેલ અંગે એક વિશેષ ઠરાવ પસાર કર્યો હતો. કોંગ્રેસ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આવતીકાલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનાર AICC સત્રમાં રાષ્ટ્રીય રાજકારણ અને ગુજરાતની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા થશે.

(બાઇટ: જયરામ રમેશ)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## AHMEDABAD RABARI VASAHAT

અમદાવાદની રબારી વસાહતોના એક હજારથી વધુ માલધારી પરિવારોને તેમના ઘરનો કાયમી માલિકી હક્ક મળશે. રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું, પ્રવર્તમાન જંત્રીના 15 ટકા મુજબની રકમ અને ટ્રાન્સફર ફી ભરીને કબજેદારો હવે જમીનનો કાયમી માલિકી હક્ક મેળવી શકશે. આ અંગે માલધારી આગેવાન રમેશ દેસાઈએ આ નિર્ણય માટે સરકારનો આભાર માન્યો હતો.

(બાઈટ- રમેશ દેસાઈ, માલધારી આગેવાન)

. . . . . . . . . . . . .

## NAVSARI – DEATH

નવસારી નજીકના ધારાગીરી ગામ પાસે પૂર્ણા નદીમાં ડૂબેલા પાંચ લોકોમાંથી બેનાં મોત નીપજયાં છે. નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે કપડાં ધોવા ગયેલી ચાર મહિલાઓમાંથી એક ડુબવા લાગતાં તેને બચાવવા અન્ય ત્રણ મહિલાઓ અને તેના દિયર નદીમાં કૂદયા હતા. ત્યારે

પાંચેય લોકો ડુબતા માછીમારોએ ત્રણ મહિલાઓને બચાવી લીધી હતી જ્યારે ભાભી અને દિયરના ડુબી જતાં મોત નીપજ્યા હતા.

. . . . . . . . . . . . .

# BHANUBEN POSHAN ABHIYAN

મહિલા અને બાળ વિકાસમંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતેથી 'પોષણ પખવાડિયા ૨૦૨૫'નો રાજ્યવાપી શુભારંભ કર્યો.

આ પ્રસંગે શ્રીમતી બાબરિયાએ જણાવ્યું કે કહ્યું, સગર્ભા સ્ત્રી, માતાઓ અને બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. સ્વસ્થ જીવન માટે પોષણ ખૂબ જ મહત્વનું પરિબળ હોવાનું જણાવતા, તેમણે કહ્યું કે, ઉચ્ચ અધિકારીઓથી આંગણવાડી કાર્યકરો એમ સૌના પ્રયાસથી ગુજરાત સુપોષિત બનશે. સૌના સામૂહિક પ્રયાસથી, "સુપોષિત ગુજરાત"ના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનવા તેમણે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે ભુલકાઓને અન્નપ્રાશન તથા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી રાજ્યમાં તાપમાન ઊંચું રહેવાની આગાહી કરી છે. આ વિષે વધુ માહિતી આપતા. હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા એ જણાવ્યું કે  આગામી 48 કલાકમાં રાજયના તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહીવત્ છે. ત્યારબાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈને મહત્તમ તાપમાનમાં 02 થી 04 ડીગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

તો બીજી તરફ ઉત્તર ગુજરાતમાં આજે ગરમીનો પારો ઊંચકાયો હતો. તાપમાન 42 ડિગ્રીએ પહોંચતા ગરમીથી જનજીવન પ્રભાવિત થયું હતું. આ સાથે જ લૂ થી બચવા મહેસાણા જિલ્લા કલેકટર દ્વારા તમામ નાગરિકો માટે રક્ષણાત્મક સૂચનો જાહેર કરવામાં આવ્યા છે.

ભરૂચમાં પણ ગરમીનો પારો આજે 43 ડિગ્રી સુધી ગયો હતો. જેના કારણે હોસ્પિટલમાં પેટમાં દુખાવો, ખેંચ કે ચક્કર આવવા, માથું દુખાવું, તાવ અને ઝાડા ઉલટીના કેસમાં વધારો નોંધાયો હતો.

તો કચ્છમાં ગરમીની સીધી અસર ગાંધીધામ કંડલા સંકુલની ઔદ્યોગિક ગતિવિધિ પર પડી છે. શ્રમિકો અને કર્મચારીઓને ગરમીથી રાહત આપવા કંડલાના પોર્ટ ક્ષેત્રમાં પાણી સાથે છાસ કેંદ્રો પણ શરૂ કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# DWARKA SATKAR SMAROH

દ્વારકામાં શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીજીના વિવાહ બાદ 10મી તારીખે સત્કાર કાર્યક્રમ યોજાશે, જે માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવતીકાલે વિવાહ થયા બાદ પરિણીત યુગલને 10મી એપ્રિલે દ્વારકામાં આવકારવામાં આવશે, અને શહેરના વિવિધ ૧૪ જેટલા સ્થળો પર શોભાયાત્રા નીકળશે. જે રૂક્ષ્મણીજીના મંદિરે પૂરી થશે. આ શોભાયાત્રા બાદ ૩૦૦ જેટલા કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમ

રજૂ કરશે. દ્વારકા આવતા મુલાકાતીઓ માટે 35 બસની સુવિધા પણ કરાઇ છે. આ તકે, મંત્રીઓ સહિત ઉતર પૂર્વના રાજ્યોના મહાનુભાવો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, માધવપુરમાં પણ હાલ વહીવટી તંત્ર દ્વારા ભવ્ય લગ્નોત્સવ ઉજવાઇ રહ્યો છે.

. . . . . . . . . . . . .

# SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા પોરબંદર અને આસનસોલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી આ ટ્રેન આગામી 10 અને 17 એપ્રિલે સવારે 8 વાગીને 50 મિનિટે પોરબંદરથી ઉપડશે, બપોરે સવા વાગ્યે રાજકોટ પહોંચશે, અને શનિવારે સાંજે પોણા સાત વાગ્યે આસનસોલ સ્ટેશન પહોંચશે.

તેવી જ રીતે પરત ફરતી વખતે 12 અને 19 એપ્રિલના રોજ આસનસોલ સ્ટેશનથી સાંજે પોણા છ વાગ્યે ઉપડશે અને સોમવારે સવારે સાડા દસ વાગ્યે રાજકોટ અને બપોરે પોણા બે વાગ્યે પોરબંદર પહોંચશે. આ વિશેષ ટ્રેન માટે યાત્રીઓ આવતીકાલથી બુકિંગ કરાવી શકશે.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR LIQUID

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના આયા ગામની હોટલમાંથી આશરે 11 લાખ 11 હજાર રૂપિયાથી વધુની કિંમતનો જ્વલનશીલ પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ચોટીલા નાયબ કલેકટર એચ ટી મકવાણાની ટીમે દરોડા પાડીને આ કાર્યવાહી હાથ ધરી હતી. જે દરમિયાન હોટેલમાંથી જ્વલનશીલ પ્રવાહી ભરેલા ત્રણ ટાંકા સાથે એક ટેન્કર પણ મળી આવ્યું હતું.

. . . . . . . . . . . . .